ગતિશીલ ગુજરાત મંત્રને આનંદીબહેને સાર્થક કર્યો

કોઈપણ રાજકીય નેતા કરતાં સૌથી વધુ પ્રવાસ કરી જનતાની વચ્ચે રહેવાનો અભિગમે આનંદીબેનને લોકપ્રિય બનાવ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે તેમના શાસનના બે વર્ષ પૂર્ણ કર્યા છે. આ બે વર્ષમાં તેમણે અનેક પડકારોનો સામનો પણ કર્યો છે. તેમના શાસનની સૌથી મોટી ઉપલબ્ધિ મહિલા સશક્તિકરણ છે. મહિલાઓ માટેની ઓછામાં ઓછી ૮૦૦ જેટલી યોજનાઓ તેમણે શરૂ કરી છે. ગતિશીલ ગુજરાત એ તેમનો શાસન મંત્ર છે.

સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે આનંદીબહેન પટેલે શરૂ કરેલી તેમની શાસન સફરમાં ગતિશીલ શબ્દ તેમણે સાર્થક બનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના કોઈપણ નેતાએ આનંદીબહેન જેટલો પ્રવાસ નહીં કર્યો હોય, એટલો પ્રવાસ કરીને ગામડાં, તાલુકા અને જિલ્લા ફરી ચૂક્યાં છે. તેમનો લોકોને મળવાનો પ્રયાસ સરાહનિય છે. સ્વભાવે આચાર્ય હોવા છતાં કડક મુખ્યમંત્રીએ દિનરાત મહેતન કરી છે.

સરકારની યોજનાઓનું જનતા સુધી પહોંચવું એ મહત્વની બાબત છે તે અંગે ખુદ મુખ્યમંત્રીએ તેમની પાર્ટીના સંગઠનને જાહેરમાં વિનંતી કરી હતી કે સરકારના કામો લોકો સુધી પહોંચાડો, જો તેમ થશે તો પાર્ટી અને સરકારની કિંમત લોકોમાં વધશે. લોકોનો વિશ્વાસ સંપાદન કરવામાં રાજકીય પાર્ટીઓએ સરકારને સહાય કરવી જોઈએ. તેઓ સ્પષ્ટ વક્તા છે. તીખા તેમના શબ્દો છે પરંતુ તેઓ એટલા જ પ્રેમાળ છે. મુલાકાતીની વાતને સાચી રીતે સમજે છે અને તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરે છે.

આનંદીબહેન પટેલ ૨૨મી મે ૨૦૧૪માં મુખ્યમંત્રી બન્યા ત્યારે પાર્ટીમાં થોડો અસંતોષ હતો. એક તરફ સિનિયર મંત્રી સૌરભ પટેલ અને બીજી તરફ નિતીન પટેલે મુખ્યમંત્રી માટે દાવેદારી કરી દીધી હતી. ધારાસભ્યોમાં પણ કચવાટ હતો પરંતુ આ બધી

મુશ્કેલીઓનો સામનો કરીને સતત ઝઝૂમતા રહેતા આનંદીબહેન પટેલને જુલાઈ-૨૦૧૫માં સૌથી મોટો ખરાબ અનુભવ થયો હતો. આ સમયે ગુજરાતના યુવા પાટીદારોએ અનામત આંદોલનની ચિનગારી શરૂ કરી હતી જે આગ હાલની સ્થિતિએ પણ આનંદીબહેનને દઝાડી રહી છે.

ગુજરાતની ૨૨ કરતાં વધારે યોજનાઓને કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે શરૂ કરી છે એ ગુજરાતનું ગૌરવ છે. મહિલા સશક્તિકરણની છાપ દેખાતી નથી. વ્યવહારમાં તેમની મૃદુતાનો કોઈ વિકલ્પ નથી. શાસનમાં પારદર્શિતા સાથે સચિવાલયમાં તેમની ચેમ્બરમાં કોઈપણ વ્યક્તિ છૂટથી મળી શકે છે.

આનંદીબહેન પટેલનું સૌથી મોટું જમા પાસું તેમની ફાઈલો નિકાલ કરવાની પદ્ધતિ છે. ઓફિસમાં તો તેઓ કામ કરે છે પરંતુ સરકારી ફાઈલોને ઘરે લઈ જઈને રોજ સાંજે તેઓ ફાઈલોનો નિકાલ કરે છે. એક અંદાજ પ્રમાણે તેઓ રોજની ૧૦૦ થી વધુ ફાઈલોનો નિકાલ કરે છે. મુખ્યમંત્રીનો વહીવટી તંત્ર પર એટલો જ કાબૂ છે. કોઈ ઓફિસર સમયસર કામ ન કરે તો તેને તેઓ આકરા શબ્દોથી સમજાવી પણ શકે છે. સચિવાલયના વિભાગો હોય કે જિલ્લાનું વહીવટીતંત્ર હોય, આનંદીબહેને ઓફિસરો તેમજ બ્યુરોક્રેસીને ઓપન પાવર આપ્યા છે. તેઓ વહીવટમાં રાજકીય ચંચુપાત કરતા નથી તેવું ખુદ સિનિયર ઓફિસરો કહે છે.

યોજના કે જે આનંદીબહેન પટેલની સરકારની ઉપલબ્ધિ છે તેને કેન્દ્રએ સાંગોપાંગ સ્વિકારી છે. બીજી તરફ કેન્દ્ર સરકારની સ્માર્ટ સિટીની યોજના હોય કે ડિજીટલ ઈન્ડિયા મિશન, કેન્દ્રની જનધન યોજના હોય કે મનરેગાની સ્કીમ, એ તમામ આનંદીબહેન પટેલની સરકારે અપનાવી છે. ગુજરાત મોડલને મહિલા મુખ્યમંત્રી દેશની અગ્રહરોળમાં લઈ ગયા છે. ગુજરાતમાં શરૂ થયેલી યોજનાઓને જોવા માટે અન્ય રાજ્યો ગુજરાતની મુલાકાતે આવતા થયા છે. ભાજપમાં મુખ્યમંત્રીના અડધો ડઝન દાવેદારો હોવા છતાં આનંદીબહેન પટેલે શાસનમાં સતત પરિશ્રમ કરીને વિરોધી સૂરને બંધ કરી દીધો છે.

એક સમયે નવી દિલ્હીમાં જ્યારે આનંદીબહેન પટેલને એવો સવાલ કરવામાં આવ્યો કે ૨૦૧૭ની ચૂંટણી તમારા નેતૃત્વમાં લડાશે ત્યારે તેમણે કહ્યું હતું

પાટીદાર આંદોલને પરેશાન કર્યા, પણ બિન અનામત જ્ઞાતિઓને અનામતનો લાભ અપાવ્યો : પાર્ટીના વિરોધીઓના અવાજ સામે ચૂપચાપ કામ કરતા રહ્યા અને શાસનને ગતિશીલ રાખ્યું : શાસનના બે વર્ષ પૂર્ણ થયા, હવે ૨૦૧૭માં બહેનના નેતૃત્વમાં ચૂંટણી લડાશે

૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં વિજયી બન્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી વિદાય લેનારા નરેન્દ્ર મોદીએ શાસનની ધુરા આનંદીબહેન પટેલને સોંપી હતી. ૨૨મી મે ૨૦૧૪ના રોજ આનંદીબહેન પટેલની તાજપોશી થઈ હતી. ગુજરાતના નવા મુખ્યમંત્રી કોણ હશે તેવા પ્રશ્નનો સહજતાથી જવાબ આપીને નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી જતાં જતાં કહ્યું હતું કે હું ગુજરાતની જનતાને પ્રથમ મહિલા મુખ્યમંત્રી આપવા માગું છું. તેમણે કહ્યું હતું કે આનંદીબહેન પટેલ ગુજરાતના નવા મુખ્યમંત્રી બનશે. બહેન કર્મે આચાર્ય હોવાથી વધારે કડક છે પરંતુ તેમના જેટલા સરળ કોઈ નહીં હોય... મને આશા છે કે ગુજરાતની જનતાની અપેક્ષા, આશા અને અભિલાષા સાથે આનંદીબહેન પટેલ વિકાસની એક નવી ઉંચાઈ સર કરશે.

મોદીના આ શબ્દોને સાર્થક કરીને આનંદીબહેન પટેલે તેમના શાસનના બે વર્ષમાં ગુજરાતને એક નવી ઉંચાઈ આપી છે. ગતિશીલ મંત્ર આપીને તેમણે ગુજરાતનો અવિરત વિકાસ કર્યો છે. જીવનમાં થાક અને પરિશ્રમ એ શબ્દો તેમની ડિક્શનેરીમાં નથી. ૨૦૧૨માં ભારતીય જનતા પાટીએ આપેલા મેનિફેસ્ટો પ્રમાણે તેમજ મોદીએ શરૂ કરેલી યોજનાઓને આગળ ધપાવવામાં મહિલા કે જીવનના ૭૫ વર્ષ સુધી કામ કર્યું છે અને હવે મારે ૮૦ વર્ષ પુરા કરવા નથી. મારે પાર્ટીના બીજા નેતાને તક આપવાની છે. આ તેમનો શાસનમુક્ત થવાનો ગર્ભિત ઈશારો હતો. તાજેતરમાં દુષ્કાળ અંગે ચર્ચા કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં મુખ્યમંત્રી સાથેની બેઠક ગોઠવી હતી ત્યારે નીટ ના મુદ્દે નિતીન પટેલ પણ દિલ્હી હતા. આ સમયે દિલ્હીથી એવી અટકળો વહેતી થઈ હતી કે આનંદીબહેનને મુખ્યમંત્રી પદેથી દૂર કરવાનો અને નિતીન પટેલને મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય લેવાઈ રહ્યો છે. જો કે ખુદ આનંદીબહેન પટેલે મધ્યપ્રદેશની મુલાકાત સમયે મિડીયા પર્સનના સવાલના જવાબમાં કહ્યું હતું કે અમે દિલ્હીમાં હતા પરંતુ ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તનનો કોઈ સવાલ જ ન હતો. હું હાલ ગુજરાતની મુખ્યમંત્રી છું અને રહીશ. મને બદલાની કોઈ ચર્ચા દિલ્હીમાં થઈ નથી. હવે એવો સંકેત મળે છે કે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં લડાશે.

બિલેશ્વરપુરા હાઈવે પર ગોઝારો અકસ્માત : ચારનાં મૃત્યુ

આઈ-૧૦ ગાડીનું ટાયર ફાટતા ડીવાઈડર કુદીને સામે આવતી ઈકો ગાડી સાથે જબરદસ્ત ટકરાઈ : ચાર ઘાયલ

ગાંધીનગર, તા.૨૧

કલોલ તાલુકાનાં બિલેશ્વરપુરા પાસેથી પસાર થતા હાઈવે પર આજે બપોરના અરસામાં ગમખ્વાર અકસ્માત સર્જાવા પામ્યો હતો. બેફામ ગતિએ પસાર થઈ રહેલી આઈ-૧૦ ગાડીનું ટાયર ફાટતા ફંગોળાઈને ગાડી ડીવાઈડર કુદી સામે આવતી ઈકો ગાડીમાં ઘુસી ગઈ હતી. આ બે ગાડી ટકરાતા ઘટના સ્થળે ત્રણ વ્યકિતનાં અને સારવાર દરમિયાન એક વ્યકિતનું મળીને ચાર વ્યકિતનાં મૃત્યુ નિપજયા છે તો બીજી તરફ ચાર વ્યકિત હજુ ઘાયલ છે. કલોલ પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

બિલેશ્વરપુરા હાઈવે પરથી બેફામ ગતિએ આજે બપોરે દોઢેક વાગ્યાના અરસામાં એક આઈ-૧૦ ગાડી જઈ રહી હતી તે દરમિયાન અચાનક ગાડીનું ટાયર ફાટતા ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો અને આઈ-૧૦ ગાડી ફંગોળાઈને ડીવાઈડર કુદી સામે આવતી ઈકો ગાડીમાં ઘુસી ગઈ હતી. આઈ-૧૦ અને ઈકો ગાડી ધડાકાભેર ટકરાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં ઈકોમાં સવાર ત્રણ વ્યકિતના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા. ઘાટલોડીયાના ૬૩ વર્ષીય સુરેખાબેન ભરતભાઈ શાહ, ૨૨ વર્ષીય હીમ ભરતભાઈ શાહ અને ઈકોનો ડ્રાઈવર ગોતાના ૪૩ વર્ષીય દાનુભાઈ અભુભાઈ ડોડીયાનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. જયારે ચાર વ્યકિતઓ ઘાયલ થયા હતા તેમને તાત્કાલીક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા તે પૈકી એક કુશલકુમાર જયંતીલાલ શાહનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. આ અકસ્માતમાં ચારના મૃત્યુ નિપજયા છે જયારે ભુમીબેન ભરતભાઈ શાહ, મોનાબેન ભાવેશભાઈ મિસ્ત્રી, જય ભાવેશભાઈ મિસ્ત્રી અને ભરતભાઈ શાહ ચારેય ઘાયલો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ ઈકો ગાડીમાં સવાર પરિવાર થરાદ ખાતે દર્શન કરી પરત ફરી રહ્યું હતું ત્યારે અકસ્માત નડયો હતો. કલોલ પોલીસે ગુનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

આજે નારાયણી હાઈટસ ખાતે પંકજ ઉધાસ લાઈવ

ગાંધીનગર પાસેના ભાટ ખાતે આવેલ નારાયણી હાઈટસમાં રવિવારે સુપ્રસિધ્ધ ગઝલ ગાયક અને પાર્શ્વગાયક પંકજ ઉધાસ લાઈવ પરફોર્મન્સ આપશે. આ કાર્યક્રમ તા. ૨૨મી મે રવિવારે સાંજે ૮ કલાકે નારાયણી હાઈટસ ખાતે યોજાશે. પંકજ ઉધાસ એ હિન્દી ફિલ્મોમાં પાર્શ્વગાયક તરીકે તથા ગઝલ ગાયકી ક્ષેત્રે ખુબ ઉંચી નામના ધરાવે છે. તેમના ચાહકો દ્વારા તેમના મખમલી અવાજમાં ગવાયેલ 'ચાંદી જૈસા રંગ તેરા', 'થોડી થોડી પીયા કરો' સહિત અનેક સુપરહીટ ગઝલોથી તે જાણીતા છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીની ૨૫મી પુણ્યતિથિએ એસ.ટી. ડેપો, ગાંધીનગર અને દહેગામ ખાતે છાશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, રામાજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ચિમનભાઈ વિંઝુડા, એલ.એન. પરમાર, મુલચંદ રાઠોડ, પરેશ પટેલ, રાકેશ જાની સહિત કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણે ખાંચરેથી...

● આજે સ્માર્ટસીટી અંગે પ્રોજેક્ટની દરખાસ્ત તૈયાર કરવા માટે યોજાયેલ સેમિનારમાં ભાજપના કાઉન્સીલરો, હોદ્દેદારો અને પૂર્વ કાઉન્સીલરો પણ જોડાયા હતા.

● સ્માર્ટસીટી અંગેના સેમિનારમાં બનેલા વિવિધ ગ્રૂપો પૈકી મેયર ગ્રૂપમાં કમિશનરશ્રી ડી.એન. મોદી અને કલેક્ટર શ્રી સતીષ પટેલ પણ જોડાયા હતા. તેમજ કમિશનરશ્રીએ ગ્રૂપના સભ્ય સચિવ તરીકેની ફરજો બજાવી બધા સૂચનો, ખામીઓ, પડકારો અને ક્ષમતા વિશે નોંધ કરી હતી.

● જિલ્લા કલેકટરશ્રી સતિષ પટેલે જનસેવા કેન્દ્રમાં બહુ જરૂરી ના હોય એવા કિસ્સાઓમાં સોંગદનામાનો આગ્રહ ન રાખવા તંત્રના કર્મચારીઓને સૂચના આપી છે.

● સ્માર્ટસીટીના સેમિનારમાં પૂર્વ મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ પણ હાજરી આપી હતી તો ધારાસભ્યો શ્રી અશોક પટેલે પ્રારંભમાં અને શંભુજી ઠાકોરે સમાપનમાં હાજરી આપી હતી. ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે પણ સંમિનારમાં હાજર રહ્યા હતા.

● ગુજરાતના જાણીતા પત્રકાર સ્વ. દિગંત ઓઝાના પત્ની અને વક્તા કાજલ ઓઝાના માતુશ્રી ઈલાબેન ઓઝાનું દુઃખદ અવસાન થયું છે.

● ગુજરાતી સુગમ સંગીતની જાણીતી બેલડી શ્યામલ-સૌમિલ મુન્શીના પિતાશ્રી પરેશભાઈ મુન્શીનું દુઃખદ અવસાન થતાં સંગીતપ્રેમીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

શહેરમાં સાયકલ ચોર ગેંગ સક્રીય

સીસીટીવી કેમેરાના સતત મોનીટરીંગ વચ્ચે વીટકોસ બસ સ્ટેન્ડ પાસેથી અને સે-૧૭માંથી સાયકલની ચોરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં થોડા સમયથી ગુનેગારો ભુગર્ભમાં ઉતરી ગયા હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ સાયકલ ચોરો સક્રીય થયા હોવાનું જાણવા મળ્યું છે. બે દિવસમાં બે સાયકલો પાટનગરમાંથી ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. સતત સીસીટીવી કેમેરાનું જ્યાં મોનીટરીંગ થાય છે તેવા ઘ-૩ સર્કલ પાસે વીટકોસ બસ સ્ટેન્ડ નજીકથી એક સાયકલ જ્યારે સે-૧૭માં ઘર આંગણેથી એક સાયકલ એમ બે સાયકલની ઉઠાંતરી થવા પામી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૧૩ ખાતે ચ-૧ ટાઈપ બ્લોક નં. ૯/૪માં રહેતા કૌશિકભાઈ મકવાણાનો દિકરો વિશાલ ૧૯ તારીખે સાયકલ લઈને ઘરેથી નીકળ્યો હતો અને વીટકોસ બસ સ્ટેન્ડ, ઘ-૩ પાસે સાયકલ પાર્ક કરી ચાંદખેડા કલાસીસમાં ગયો હતો ત્યાંથી પરત આવ્યો ત્યાં સુધીમાં સાયકલ ચોરી થઈ ગઈ હતી. સે-૭ પોલીસ મથકે અરજી આપતા પોલીસે સીસીટીવી ફુટેજ તપાસ કરાવવા પ્રયત્ન કર્યા પરંતુ કેમેરા બંધ હોવાનું જાણવા મળ્યું હતું. તો બીજી તરફ સે-૧૭માં ઘ-૧ ટાઈપમાં રહેતા એક અધિકારીના ઘર આંગણેથી તેમની સાયકલ રાત્રી દરમિયાન કોઈ ઉઠાવી ગયું હોવાનું ધ્યાને આવ્યું છે. અધિકારીએ સાયકલ ઉઠાંતરી અંગે સે-૨૧ પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે.

ગાંધીનગર જિલ્લાનો કૃષિ મહોત્સવ રૂપાલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

રાજયના ખેડૂતોને કૃષિક્ષેત્રેની આધુનિક જાણકારી મળી રહે અને ગુણવત્તાયુક્ત કૃષિ ઉત્પાદન થકી આવકમાં વધારો થાય તેવા ઉમદા આશયથી સમગ્ર રાજયમાં કૃષિ મહોત્સવ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૨૩ અને ૨૪મી મે, ૨૦૧૬ના રોજ કૃષિ મહોત્સવનું આયોજન વરદાયની હાઈસ્કુલનું મેદાન, રૂપાલ ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં આયોજિત બે દિવસીય કૃષિ મહોત્સવને આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવશે.

પી.જી. અને ટીફીન સર્વિસ

જુનાગઢવાળા હિતેશભાઈ કાલરીયા

ગર્લ્સ પીજી માટે

મો. ૮૧૪૧૧૮૨૬૨૨

ટીફીન સર્વિસ માટે

મો. ૯૪૨૬૦ ૮૭૯૨૯

બ્લોક નં.૧૪, આનંદનગર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર

ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

બે માળનું ડુપ્લેક્ષ, બે પરિવાર રહી શકે તેવું, ફુલ ફર્નિચરવાળું, પેથાપુર, ચામુંડાનગર સોસાયટી, ચરેડી વડ પાસે, સિદ્ધિ વિનાયક બંગલા નજીક, બિઝનેસ પાર્કની લાઈનમાં

સંપર્ક

9714109108

રક્ષા શક્તિ યુનિવર્સિટી

First Internal Security/Police University of India

(Established by Government of Gujarat & UGC Recognised)

પ્રવેશ જાહેરાત ૨૦૧૬-૧૭

અભ્યાસક્રમનું નામ	સમયગાળો	વાર્ષિક ફી (રૂા.)	આવશ્યક લાયકાત	બેઠક સંખ્યા
ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ)	૧ વર્ષ (૨ સેમેસ્ટર)	૨૧૦૦૦	કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પાસ	૮૦
બેચલર ઓફ આર્ટસ ઈન સીક્યુરીટી મેનેજમેન્ટ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૧૦૦૦૦	કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પાસ	૪૦ (ગુજરાતી) ૪૦ (અંગ્રેજી)
પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ)	૧ વર્ષ (૨ સેમેસ્ટર)	૨૧૦૦૦	કોઈપણ પ્રવાહમાં સ્નાતક	૪૦
પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી (અંગ્રેજી માધ્યમ)	૧ વર્ષ (૨ સેમેસ્ટર)	૩૦૦૦૦	કોઈપણ પ્રવાહમાં સ્નાતક	૨૦
એમ. એ. ઈન ક્રિમિનોલોજી (અંગ્રેજી માધ્યમ)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૩૦૦૦૦	કોઈપણ પ્રવાહમાં સ્નાતક	૨૫
એમ. એ. ઈન પોલિસ એડમિનિસ્ટ્રેશન (અંગ્રેજી માધ્યમ)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૩૦૦૦૦	કોઈપણ પ્રવાહમાં સ્નાતક	૨૫
એમ. ટેક. ઈન સાયબર સિક્યુરીટી (અંગ્રેજી માધ્યમ)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૫૦૦૦૦	55% marks/5.5 on a 10 point scale in B.E./B.Tech. (CE / CS / IT / EC / ICT / Electronics), M.Sc. (CS/IT) or MCA	૪૦
એલ.એલ.એમ ઈન ક્રાઈમ એન્ડ સિક્યુરિટી લૉ (અંગ્રેજી માધ્યમ)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૪૦૦૦૦	કાયદાના સ્નાતક	૪૦
સર્ટિફિકેટ કોર્સ ઈન ફોટોગ્રાફી	૩ મહિના	૨૦૦૦૦	કોઈપણ પ્રવાહમાં ૧૨ પાસ	૨૦
પી.એચ.ડી.	માહિતી માટે વેબસાઈટ જોવી			૧૨

Ph.D. સિવાયના અભ્યાસક્રમોમાં મહિલાઓ માટે ફી માં ૫૦% રાહત

પ્રવેશ ફોર્મ જમા કરાવવાની અંતિમ તારીખ : ૧૮/૦૬/૨૦૧૬

પ્રવેશ ફોર્મ ભરવાના તેમજ મેળવવાના ઉપલબ્ધ વિકલ્પો :-

(૧) રક્ષા શકિત યુનિવર્સિટીની વેબસાઈટ www.rsu.ac.in પરથી પ્રવેશ માટે ફોર્મ ઓનલાઈન ભરી શકાશે.

(૨) જે વિદ્યાર્થી નિયત અરજી ફોર્મ ફી સાથે ઓનલાઈન ફોર્મ ભરેલ હોય તેઓએ અરજીની હાર્ડ કોપી યુનિવર્સિટીમાં મોકલવાની રહેશે નહી.

ઉપરોક્ત સિવાય,

(૧) રક્ષા શક્તિ યુનિવર્સિટી કચેરી, અમદાવાદ ખાતેથી પણ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન નિયત ફોર્મ ફી રોકડમાં ચુકવવાથી પ્રવેશ ફોર્મ મેળવી શકાશે.

(૨) રક્ષા શક્તિ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરીને ભરી શકાશે. આ કિસ્સામાં ભરેલા અરજી ફોર્મ સાથે નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફટ/ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, અમદાવાદ ના નામનો) અત્રે મોકલવા.

(૩) ટપાલથી ફોર્મ મેળવવા નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફટ / ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટી ના નામનો અમદાવાદ માટેનો) તેમજ ૧૧ X ૫ નું પોતાના નામ, સરનામા વાળું રૂ. ૫/-ની પોસ્ટેજ સ્ટેમ્પવાળું ખાલી કવર અત્રે મોકલવાથી તે ઉમેદવારને અત્રેથી પ્રવેશ ફોર્મ મોકલવામાં આવશે. કવર ઉપર ---------------- કોર્સ માટે ફોર્મ મેળવવાની અરજી એવું સ્પષ્ટ લખવું.

(૪) અરજી ફોર્મના કવર ઉપર કોર્સનું નામ અવશ્ય દર્શાવવું.

પ્રવેશ પ્રક્રિયા :-

પ્રવેશ મેરિટના ધોરણે આપવામાં આવશે, મહિલા ઉમેદવાર, એનસીસી (બી અને સી સર્ટિફિકેટ ધારકો) તેમજ રમતવીર ઉમેદવારોને ડિપ્લોમા પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. ગુજરાત સરકારના નિયમોનુસાર અનામત બેઠકો રાખવામાં આવશે.

સુવિધાઓ :-

(૧) એસ.સી./એસ.ટી. વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી નિયમાનુસાર શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર છે. (૨) ગાંધીનગરના રમણીય વિસ્તારમાં વ્યાજબી ફી થી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે સ્વતંત્ર હોસ્ટેલ સુવિધા તેમજ ટ્રાન્સપોર્ટેશન સુવિધા (૩) કોમ્પ્યુટર લેબોરેટરી તેમજ આધુનિક લાયબ્રેરી (૪) વાયરલેસ સેટ, સીસીટીવી, ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર જેવા ઈલેક્ટ્રોનિક સાધનોનો પ્રાયોગિક અભ્યાસ કરાવવામાં આવે છે. (૫) આઉટડોર ટ્રેનિંગ અભ્યાસક્રમના ભાગરૂપે સામેલ છે. (૬) સરકારશ્રી દ્વારા પોલીસ ભરતીમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અગ્રતા આપવામાં આવે છે.

વધુ વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.rsu.ac.in જોવી.

Raksha Shakti University
New Mental Corner, Meghaninagar,
Ahmedabad - 380 016.

Contact for Information
Tel: (079) 22684222 Cell: +91-9978446912
Fax : 079-22683762
E-mail: academicbr@rsu.ac.in

સ્ટેટ આઈસીડીએસ સોસાયટી (SISMU)

કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,
બ્લોક નં. ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

જાહેર નિવિદા - વર્ષ ૨૦૧૬-૧૬

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે / અને વાહન હંકારનારની સેવા પુરી પાડવા અંગે

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે કાર્યરત સ્ટેટ આઈસીડીએસ સોસાયટી, બ્લોક નં. ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર કરાર આધારીત "CALL BASE" થી વાહનો ભાડે મેળવવા તેમજ વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે અને વાહન હંકારનારની સેવા) પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી (એ.સી. / નોન એ.સી. ઈન્ડિકા - ઈન્ડીગો - ઈકો - ટવેરા ડીઝલ / પેટ્રોલ) ઠરાવેલા ટેન્ડર, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રક સાથેના ટેન્ડર ફોર્મ મંગાવવામાં આવે છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી આ કચેરીની સ્ટોર શાખામાંથી રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન રાષ્ટ્રીયકૃત બેંક, HDFC બેંક, ICICI બેંક, UTI બેંક (પરત નહિ મળવાપાત્ર) રૂ. ૧૦૦૦/-નો 'સ્ટેટ આઈસીડીએસ સોસાયટી (SISMU)'ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ આપી તે અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી લેવાનું રહેશે. અને તા. ૧૩/૬/૨૦૧૬ના ૧૮:૧૦ કલાક સુધીમાં આ ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખાને મળી રહે તે રીતે આર.પી.એ.ડી.થી મોકલી આપવાનું રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

સહી/-
મેમ્બર સેક્રેટરી
સ્ટેટ આઈસીડીએસ સોસાયટી
ગાંધીનગર

માહિતી/૪૪૦/૨૦૧૬-૧૭

ગુજરાત ફોરેન્સિક સાયંસિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે NAAS Team ની મુલાકાત

નેશનલ એસેસમેન્ટ અને એક્રેડિટેશન કાઉન્સીલ (NAAS)ની ટીમ તા. ૧૧ થી ૧૪ જુલાઈ ૨૦૧૬ સુધી ૪ દિવસ માટે ગુજરાત ફોરેન્સિક સાયંસિસ યુનિવર્સિટી, ગાંધીનગરની એક્રેડિટેશન માટે મુલાકાત લેનાર છે. ગુજરાત ફોરેન્સિક સાયંસિસ યુનિવર્સિટી, ગાંધીનગર ગુજરાત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વની એક માત્ર અત્યંત આધુનિક ફોરેન્સિક યુનિવર્સિટી છે. યુનિવર્સિટી ખાતે હાલમાં કુલ ૩૮ પ્રકારના ડિગ્રી અને ડિપ્લોમા કોર્સીસ ચલાવવામાં આવે છે. જેને યુજીસીની કલમ ૨૨ હેઠળ માન્યતા પ્રાપ્ત થયેલ છે. NAAS Teamમાં કુલ ૮ સભ્ય રહેશે. 'નેક' ટીમ ફેકલ્ટી સાથે ચર્ચા વિચારણા કરશે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ઈન્સ્ટીટ્યુટ ઓફ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ, ઈન્સ્ટીટ્યુટ ઓફ બિહેવિયરલ સાયન્સ ખાતે ઉપલબ્ધ ફેસિલિટીઝની મુલાકાત લેશે. ફેકલ્ટી, વિદ્યાર્થીઓ, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સહભાગીદારો-બિન શૈક્ષણિક સ્ટાફ મેમ્બર્સ સાથે મિટિંગ કરશે. યુનિવર્સિટીની રેખાકૃતિનો સમગ્રપણે અભ્યાસ કરશે.

વંદે માતરમ પરિવાર દ્વારા આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૧

વંદેમાતરમ પરિવાર દ્વારા તા. ૨૨મી મે ને રવિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ધર્મકુંજ રેસીડેન્સી, નારોલ, અમદાવાદ ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે જેનો નગરના તમામ ભાવિક ભકતોને લાભ લેવા રંજન મનીષભાઈ કાયસ્થે જણાવ્યું છે.